ભૂગોળ વિદ્યા.

ભાગ ૨ જો.

આફ્રિકા, અમેરિકા અને પોશીએન્યાનું વર્ણન.

(

ની અને અંગ્રેજી નિશાળોના
વિદ્યાર્થીઓને માટે.)

આવૃત્તિ બીજી.

મુંબઈ:
રીપન પ્રીંટીંગ પ્રેસ, કાલબાદેવી.

૧૮૮૮.

ભૂગોળ વિદ્યા.

ભાગ ૨ જો.

યૂરોપ, આફ્રિકા, અમેરિકા અને
આશીએન્યાનું વર્ણન.

(ગુજરાતી અને અંગ્રેજી નિશાળોના
વિદ્યાર્થીઓને માટે.)

આવૃત્તિ બીજી.

મુંબઈ:
રીપન પ્રીંટીંગ પ્રેસ, કાલબાદેવી.

૧૮૮૮.

ભૂગોળ વિદ્યા.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.—યૂરોપ.

યૂરોપ દુનિયામાં સર્વથી નાનો ખંડ છે, પણ રાજદ્વારી બળ, વિદ્યા હુનર, અને બોહોળા વેપારથી સઘળા ખંડોમાં શ્રેષ્ઠ ગણાય છે. એ ઉત્તર સમશીતોષ્ણ કટીબંધમાં આવેલો છે, તેથી એની હવા ઘણી ગરમ નથી. એના ઉત્તર ભાગમાં દક્ષિણ ભાગ કરતાં ઠંડી વધારે હોયછે, અને શિયાળામાં બરફ વરસે છે.

સીમા:—(Boundaries)–યૂરોપખંડની ઉત્તરે **આર્ટિક** મહાસાગર (Arctic Ocean) છે; પશ્ચિમે **એટલાન્ટિક** મહાસાગર (Atlantic Ocean) છે; દક્ષિણે **ભૂમધ્ય** સમુદ્ર (Mediterranean Sea), **આર્ફિપેલેગો** અથવા **ઈજિયન** સમુદ્ર (Archipelago or Ægean Sea), **માર્મોરા** સમુદ્ર (Sea of Marmora), **કાળો** સમુદ્ર (Black Sea), અને **કોકેસસ** પર્વત (Caucasus Mountains) છે;પૂર્વે **કેસ્પિઅન** સમુદ્ર (Caspian Sea), **યૂરલ** નદી (Ural River), અને **યૂરલ** પર્વત (Ural Mountains) છે.

યૂરોપખંડ પૂર્વે **યૂરલ** પર્વતથી એશિઆ સાથે જોડાયલો છે; **ભૂમધ્ય** સમુદ્ર એને આફ્રિકાથી છૂટો પાડે છે; અને **એટલાન્ટિક** મહાસાગર એને અમેરિકાથી છૂટો પાડે છે. યૂરોપખંડની વધતામાં વધતી લંબાઈ ૨૭૦૦

મેલ છે, અને પોહોળાઈ ૩૪૦૦ મેલ છે. એનું ક્ષેત્રફલ (area) આસરે ૪૦,૦૦,૦૦૦ ચોરસ મેલ છે.

દેશો.—(Countries).

૧. ગ્રેટ બ્રિટન અને આયરલન્ડ (Great Britain & Ireland).
૨. ફ્રાન્સ (France).
૩. સ્પેન (Spain).
૪. પોર્ટુગલ (Portugal).
૫. બેલજિઅમ (Belgium).
૬. હોલન્ડ (Holland).
૭. જર્મનિ (Germany).
૮. ડેન્માર્ક (Denmark).
૯. સ્વીદન અને નોર્વે (Sweden & Norway).
૧૦. રશિઆ (Russia).
૧૧. ઓસ્ટ્રિઆ અને હંગરી (Austria & Hungary).
૧૨. સ્વિટ્ઝરલન્ડ (Switzerland).
૧૩. ઇટલિ (Italy).
૧૪. તરકી-ઇન-યૂરોપ (Turkey-in-Europe).
૧૫. ગ્રીસ (Greece).

તરકી સિવાય યૂરોપનાં સઘળાં રાજ્યો ખ્રિસ્તી છે, અને તરકીમાં વસતા **મુસલમાનો** તથા યૂરોપમાં રેહેનારા **યાહુદી** સિવાય લોકો પણ સઘળા **ખ્રિસ્તી ધર્મ** પાળેછે. ખ્રિસ્તી ધર્મના ત્રણ પંથ છેઃ—**૧. પ્રોટેસ્ટંટ; ૨. રોમન કેથલિક; ૩ ગ્રીક.** ગ્રેટ બ્રિટન, હોલન્ડ, જર્મનિ, ડેનમાર્ક, સ્વીદન અને નોર્વે, તથા સ્વિટ્ઝરલન્ડના લોકો ઘણાખરા પ્રોટેસ્ટંટ છે.

આયરલન્ડ, ફ્રાન્સ, સ્પેન, પોર્તુગલ, બેલજિઅમ, ઓસ્ત્રિઆ અને હુંગરી, તથા ઇટલીના લોકો ઘણાખરા **રોમન કેથલિક** છે. રશિઆ, અને ગ્રીસના લોકો તથા તરકીમાં વસતા ખ્રિસ્તી લોકો **ગ્રીક પંથ** પાળે છે.

યૂરોપખંડના દેશોમાં ત્રણ પ્રકારની રાજ્ય રીતિ માલમ પડેછે. રશિઆ અને તરકીના રાજ્યકર્તા આપખુદ સત્તા ભોગવેછે, એટલે પોતાની મરજી મુજબ કાયદા બાંધીને અમલ કરેછે. ફ્રાન્સ અને સ્વિત્ઝરલન્ડમાં પ્રજાસત્તાક રાજ્ય છે, એટલે પ્રજાના પસંદ કરેલા પ્રતિનિધિઓ લોકોની મરજીમુજબ રાજ્ય કરેછે. બાકીનાં બધાં યૂરોપનાં દેશોમાં પ્રજાની સંમતિથી કાયદા બાંધીને રાજાઓ તે કાયદા પ્રમાણે રાજ્ય ચલાવે છે. જર્મનિ, ઓસ્ત્રિઆ, અને રશિઆના રાજ્યકર્તાઓ શેહેનશાહને નામે ઓળખાય છે, અને તરકીના રાજાને સુલતાન કેહેછે.

દ્વીપ અથવા બેટ.—(Islands).

આર્ટિક મહાસાગર માહેલા બેટ.

૧. **નોવાઝેમ્લા** (Nova Zemlia). ૨. **સ્પિત્ઝબર્ગેન** (Spitzbergen). ૩. **લોફોદન ટાપુ** (Lofoden Isles).

(**નોવાઝેમ્લા** અને **સ્પિત્ઝબર્ગેન** રશિઆને તાબેછે. **લોફોદન ટાપુ** સ્વીદનને તાબે છે).

એટલાન્ટિક મહાસાગર માહેલા બેટ.

૧ **આઇસલન્ડ** (Iceland).
૨. **ફેરો ટાપુ** (Faroe Isles).
૩. **શેતલન્ડ ટાપુ** (Shetland Isles).
૪. **ઓર્કની ટાપુ** (Orkney Isles).

૫. હેબ્રિડીસ ટાપુ (Hebrides).

૬. ગ્રેટ બ્રિટન (Great Britain).

૭. આયરલન્ડ (Ireland).

૮. મેન (Isle of Man).

૯. વાઈત (Isle of Wight).

૧૦. ચેનલ ટાપુ (Channel Islands).

જરસી (Jersey).

ગરનસી (Guernsey).

ઓલ્ડર્ની (Alderney).

સાર્ક (Sark).

(આઇસલન્ડ અને ફેરો ટાપુ ડેન લોકોના તાબામાં છે; બાકીના સઘળા બેટો અંગ્રેજોના તાબામાંછે).

ભુમધ્ય સમુદ્ર માહેલા બેટ.

૧. બેલ્યેરિક ટાપુ (Balearic Isles).

મેજોર્કા (Majorca).

માઇનોર્કા (Minorca).

આઇવિઝા (Iviza).

ફોર્મેન્ટેરા (Formentera).

૨. કોર્સિકા (Corsica).

૩. સાર્ડિન્યા (Sardinia).

૪. એલ્બા (Elba).

૫. સિસિલિ (Sicily).

૬. લિપેરિ ટાપુ (Lipari Isles).

૭. મોલ્ટા (Malta).
૮. ગોઝો (Gozo).
૯. આયોનિઅન ટાપુ (Ionian Isles).
૧૦. ક્રીત અથવા કેન્ડયા (Crete or Candia).
૧૧. સાઇક્લેડીસ (Cyclades).
૧૨. નેગ્રોપોન્ટ (Negropont).

(બેલ્યેરિક ટાપુ સ્પેનના તાબામાં છે; કોર્સિકા ફ્રાન્સને તાબે છે; મોલ્ટા અને ગોઝો અંગ્રેજોના તાબામાં છે; સાર્ડિન્યા, એલ્બા, સિસિલી, અને લિપેરિ ટાપુ ઇટલિને તાબે છે; ક્રીત તરકીને તાબે છે; બાકીના બેટો ગ્રીસને તાબે છે).

બાલ્ટિક સમુદ્ર તથા કેટીગેટ માહેલા બેટ.

૧. ઝીલન્ડ (Zealand).
૨. ફ્યુનન (Funen).
૩. લાલન્ડ (Laaland).
૪. ઓલન્ડ (Oland).
૫. ગોથલન્ડ (Gothland).
૬. ઇસલ (Oesel).
૭. આલન્ડ (Aaland).

(ઝીલન્ડ, ફ્યુનન અને લાલન્ડ, ડેન લોકના તાબામાં છે; ઓલન્ડ અને ગોથલન્ડ સ્વીડનના તાબામાં છે; ઇસલ અને આલન્ડ રશિઆને તાબે છે).

દ્વીપકલ્પ (Peninsulas).

૧. સ્કેન્ડિનેવિઆ (Scandinavia)—નોર્વે અને સ્વીદન.
૨. જતલન્ડ (Jutland)—ડેન્માર્કમાં.

૩. આઇબીર્યન દ્વીપકલ્પ (Iberian Peninsula)— સ્પેન અને પોર્ટુગલ.

૪. ઇટલી (Italy).

૫. હેલીનિક દ્વીપકલ્પ (Hellenic Peninsula)—ગ્રીસ અને તરકીનો દક્ષિણ ભાગ.

૬. મોરીઆ (Morea)—ગ્રીસમાં.

૭. ક્રિમીઆ (Crimea)—રશિઆની દક્ષિણે.

સંયોગી ભૂમિ (Isthmuses).

૧. કોરિન્થ(Corinth)—મોરીઆ દ્વીપકલ્પને ઉત્તર ગ્રીસ સાથે જોડે છે.

૨. પેરીકોપ (Perekop)—ક્રિમીઆ દ્વીપકલ્પને રશિઆ સાથે જોડેછે.

ભૂશિર (Capes).

૧. નોર્ડકિન (Nordkyn)
૨. ઉત્તર ભૂશિર (North Cape) } નોર્વેની ઉત્તરે.

૩. નેઝ (Naze)—નોર્વેની દક્ષિણે.

૪. સ્કો (Skaw)—ડેન્માર્કની ઉત્તરે.

૫. રાથ (Wrath)
૬. ડનેટહેડ (Dunnet Head) } સ્કોટલન્ડની ઉત્તરે.

૭. મેલિનહેડ (Malin Head)—આયરલંડની ઉત્તરે.

૮. ક્લિઅર (Clear)—આયરલન્ડની દક્ષિણે.

૯. લેન્ડસ એન્ડ (Land's End) } ઇંગલન્ડની નૈરૃત્ય
૧૦. લિઝર્ડ પોઇન્ટ (Lizard Point) } દિશાએ.
૧૧. લાહેગ (La Hague)—ફ્રાન્સની ઉત્તરે.
૧૨. ઓર્ટિગલ (Ortegal) } સ્પેનની વાયવ્ય દિશાએ.
૧૩. ફિનિસ્ટર (Finisterre) }
૧૪. રોકા (Rocca) } પોર્ટુગલની પશ્ચિમે.
૧૫. સેન્ટ વિન્સેન્ટ (St. Vincent) }
૧૬. ટ્રફાલગર (Trafalgar) } સ્પેનની દક્ષિણે.
૧૭. ટેરિફા (Tarifa) }
૧૮. સ્પાર્ટિવેન્ટો (Spartivento) } ઇટલીની દક્ષિણે.
૧૯. લ્યુકા (Leuca) }
૨૦. માતાપન (Matapan)—ગ્રીસની દક્ષિણે.

પર્વત—(Mountains).

૧. સ્કેન્ડિનેવિઅન આલ્પ્સ (Scandinavian Alps)-નોર્વેમાં.
ડોવરફીલ્ડ પાહાડ (Doverfield Mountains).
ક્રોલન પહાડ (Kiolen Mountains).

૨. ગ્રેમ્પિઅન પર્વત (The Grampians)—સ્કોટલન્ડમાં.
શિખર (Peak)—બેન નેવિસ (Ben Nevis).

૩. ચીવિઅટ ડુંગર (Cheviot Hills)—ઇંગલન્ડ અને સ્કોટલન્ડની વચ્ચે.

૪. પિરીનીઝ પર્વત (The Pyrenees)—ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે.

૫. **એલ્પ્સ પર્વત** (The Alps)—ફ્રાન્સ, સ્વીતઝરલન્ડ, ઇટલિ, અને ઓસ્ટ્રીઆમાં.

શિખરો—**માઉન્ટ બ્લાં** (Mount Blanc).
માઉન્ટ રોઝા (Mount Ro-a).
ગ્રેટ સેન્ટ બરનાર્ડ (Great St. Bernard).
માઉન્ટ ગોથર્ડ (Mount Gothard).

૬. **એપીનાઇન્સ પર્વત** (The Apennines)—ઇટલિમાં.
૭. **કાર્પેથ્યન પર્વત** (Carpathian Mountains)-ઓસ્ટ્રિઆમા.
૮ **બાલ્કન પર્વત** (Balkan Mountains)—તરકીમાં.
૯. **પિન્ડસ પર્વત** (Pindus Mountains) —તરકી અને ગ્રીસમાં.
૧૦. **માઉન્ટ ઓલિમ્પસ** (Mount Olympus)—તરકીમાં.
૧૧. **માઉન્ટ પાર્નાસસ** (Mount Parnassus)—ગ્રીસમાં.
૧૨. **કોકેસસ પર્વત** (Caucasus Mountains)— રશિઆની દક્ષિણે.

શિખર—**માઉન્ટ અલબર્ઝ** (Mount Elburz).

૧૩. **યૂરલ પર્વત** (Ural Mountains)—રશિઆની પૂર્વે.

જ્વાળામુખી—(Volcanoes).

૧. **વીસૂવિઅસ** (Vesuvius)—ઇટલિમાં, નેપલ્સ શેહેરની પાસે.
૨. **એટના** (Etna)—સિસિલિમાં.
૩. **હેકલા** (Hecla)—આઇસલન્ડમાં.

સમુદ્ર તથા અખાત-(Seas, Gulfs & Bays).

૧. વ્હાઇટ સમુદ્ર (White Sea) ૨. આર્ચેનજલનો અખાત (Gulf of Archangel)	રશિઆની ઉત્તરે.

૩. બોથ્નિઆનો અખાત (Gulf of Bothnia)— સ્વીડન અને રશિઆની વચ્ચે.

૪. રાઇગાનો અખાત (Gulf of Riga) ૫. ફિનલન્ડનો અખાત (Gulf of Finland)	રશિઆની પશ્ચિમે.

૬. બાલ્ટિક સમુદ્ર (Baltic Sea)—સ્વીડનને રશિઆ તથા જર્મનિથી છૂટો પાડેછે.

૭. કેટીગેટ (Cattogat)—સ્વીડન અને ડેન્માર્કની વચ્ચે.

૮. સ્કેગર રેક (Skager Rack)—નોર્વે અને ડેન્માર્કની વચ્ચે.

૯. ઉત્તર સમુદ્ર અથવા જર્મન સાગર (North Sea or German Ocean)— ગ્રેટ બ્રિટન અને ખંડની વચ્ચે.

૧૦. ઝૂઇડરઝી (Zuider Zee)—હોલન્ડની ઉત્તરે.

૧૧. ઇંગ્લિશ ખાડી (English Channel)—ઇંગલન્ડ અને ફ્રાન્સની વચ્ચે.

૧૨. બ્રિસ્ટલ ખાડી (Bristol Channel)— ઇંગ્લન્ડની નૈરૂત્ય દિશાએ.

૧૩. સેન્ટ જયોર્જની ખાડી (St George's Channel) .... ૧૪. આઈરિશ સમુદ્ર(Irish Sea) .... ૧૫. ઉત્તર ખાડી (North Channel)	ગ્રેટ બ્રિટન અને આયરલન્ડની વચ્ચે.

૧૬. ફોર્થનો અખાત (Firth of Forth)-સ્કોટલન્ડની પૂર્વે.
૧૭. બિસ્કેનો અખાત (Bay of Biscay)—ફ્રાન્સની પશ્ચિમે અને સ્પેનની ઉત્તરે.
૧૮. ભૂમધ્ય સમુદ્ર (Mediterranean Sea)—યૂરોપની દક્ષિણે.
૧૯. લાયન્સનો અખાત (Gulf of Lyons)—ફ્રાન્સની દક્ષિણે.
૨૦. જીનોઆનો અખાત (Gulf of Genoa)— ઇટલિની વાયવ્ય દિશાએ.
૨૧. તેરેન્ટોનો અખાત (Gulf of Taranto)—ઇટલીની દક્ષિણે.
૨૨. એડ્રિએટિક સમુદ્ર (Adriatic Sea)—ઇટલી અને તરકીની વચ્ચે.
૨૩. વેનિસનો અખાત (Gulf of Venice)—ઇટલીની ઇશાન દિશાએ.
૨૪. આર્કિપેલેગો અથવા ઇજ્યન સમુદ્ર (Archipelago or the Ægean Sea)—તરકી અને ગ્રીસની પૂર્વે.
૨૫. ઇજાઇનાનો અખાત (Gulf of Egina)—ગ્રીસની પૂર્વે.
૨૬. સેલોનિકિનો અખાત (Gulf of Saloniki)—તરકીની પૂર્વે.
૨૭. મામોરા સમુદ્ર (Sea of Marmora)—તરકી-ઇન-યૂરોપ અને તરકી-ઇન-એશિઆની વચ્ચે.
૨૮. કાળો સમુદ્ર (Black Sea)—રશિઆ અને તરકી-ઇન-એશિઆની વચ્ચે.
૨૯. એઝોફનો સમુદ્ર (Sea of Azov)—રશિઆની દક્ષિણે.

સામુદ્રધુની—(Straits).

૧. સાઉન્ડ (The Sound)—સ્વીડન અને ઝીલન્ડની વચ્ચે.

૨. ગ્રેટ બેલ્ટ (Great Belt)—ઝીલન્ડ અને ફ્યુનનની વચ્ચે.
૩. લિટલ બેલ્ટ (Little Belt)—ફ્યુનન અને સ્લેસવિગ પ્રાંતની વચ્ચે.
(સ્લેસવિગ ડેન્માર્કની દક્ષિણે જર્મનિનો એક પ્રાંતછે).
૪. ડોવર (Dover)—ઇંગલન્ડ અને ફ્રાન્સની વચ્ચે.
૫. જિબ્રોલ્ટર (Gibraltar)—એટલાન્ટિક મહાસાગરને ભૂમધ્ય સમુદ્ર સાથે જોડેછે.
૬. બોનિફેશિઓ (Bonifacio)— કોર્સિકા અને સાર્ડિન્યાની વચ્ચે.
૭. મેસિના (Messina)—ઇટલિ અને સિસિલિની વચ્ચે.
૮. ઓટ્રેન્ટો (Otranto) —ઇટલિ અને તરકીની વચ્ચે.
૯. હેલેન્સપોન્ટ અથવા ડાર્ડનલ્સ (Hellespont or Dardanelles)—આર્કિપેલેગોને માર્મોરા સમુદ્ર સાથે જોડેછે.
૧૦. કોનસ્ટેન્ટિનોપલ અથવા બોસ્પરસ (Constantinople or Bosporus)—માર્મોરા સમુદ્રને કાળા સમુદ્ર સાથે જોડેછે.
૧૧. યેનિકલ (Yenikale)—કાળા સમુદ્રને એઝોફના સમુદ્ર સાથે જોડેછે.

સરોવર—(Lakes).

૧. કેસ્પિઅન સમુદ્ર (Caspian Sea)........	રશિઆમાં.
૨. લેડોગા (Ladoga)	
૩. ઓનીગા (Onega)........................	
૪. પીપસ (Peipus)	
૫. ઇલ્મન (Ilmen)	

૬. વેનર (Wener)..............................
૭. વેતર (Wetter).............................. } સ્વીદનમાં.
૮. મીલર (Mœlar) ....

૭. ઝુરિચ (Zurich) ....
૧૦. ન્યુશેતલ (Neuchatel) .... } સ્વીટ્ઝરલન્ડમાં.

૧૧. જીનીવા (Geneva)—સ્વિટ્ઝરલન્ડ અને ફ્રાન્સની વચ્ચે.

૧૨. કોનસ્ટન્સ (Constance)—સ્વિટ્ઝરલન્ડ અને જર્મનિની વચ્ચે.

૧૩. બેલેટન (Balaton)—ઓસ્ત્રિઆમાં.

કેસ્પિઅન સમુદ્ર દુનિયામાં સર્વથી મોટું ખારાં પાણીનું સરોવરછે.
લેડોગા યૂરોપમાં સર્વથી મોટું મીઠાં પાણીનું સરોવરછે.

નદી—(Rivers).

૧. દ્વાઇના (Dwina)—રશિઆની ઉત્તરે—આર્ચેનજળ અખાતને મળેછે.

બાલ્ટિક સમુદ્રને મળતી નદી.

૨. વિસ્ટુલા (Vistula)—રશિઆ અને જર્મનિમાં.
૩. ઓદર (Oder) જર્મનિમાં.

ઉત્તર સમુદ્ર અથવા જર્મન સાગરને મળતી નદી.

૪. એલ્બ (Elbe)—ઓસ્ત્રિઆ અને જર્મનિમાં.
નદ્યંતરગામિ (Tributary)—મોલ્ડો (Moldau).

૫. વીસર (Weser) ....
૬. એમ્સ (Ems) .... } જર્મનિમાં.

૭. ર્‍હાઇન (Rhine)—સ્વિત્ઝરલન્ડ, જર્મનિ, અને હોલન્ડમાં.

નદ્યંતરગામિ—૧. મોસેલ (Mosselle).

૨. મેન (Maine).

૮. મ્યુસ (Meuse)
૯. શેલ્ટ (Sheldt).... } ફ્રાન્સ, બેલજિઅમ, અને હોલન્ડમાં.

૧૦. ટેમ્સ (Thames)—ઇંગલન્ડની દક્ષિણે.

એટલાન્ટિક મહાસાગરને મળતી નદી.

૧૧. કલાઇડ (Clyde)—સ્કોટલન્ડની પશ્ચિમે.

૧૨. શેનન (Shannon)—આયરલન્ડની પશ્ચિમે.

૧૩. સીન (Seine)—ફ્રાન્સની ઉત્તરે—ઇંગ્લિશ ખાડીને મળેછે.

૧૪. લુઅોર(Loire)....
૧૫. ગેરોન (Garonne) } ફ્રાન્સની પશ્ચિમે—બિસ્કેના અખાતને મળેછે.

૧૬. ડૂરો (Douro)....................
૧૭. ટેગસ (Tagus) ....
૧૮. ગોડિઆના (Guadiana) } સ્પેન અને પોર્ટુગલમાં.

૧૯. ગોડલકિવવર (Guadalquiver)—સ્પેનની દક્ષિણે.

ભૂમધ્ય સમુદ્રને મળતી નદી.

૨૦. ઇબ્રો (Ebro)—સ્પેનની પૂર્વે.

૨૧. ર્‍હોન (Rhone)—ફ્રાન્સની દક્ષિણે—લાયન્સના અખાતને મળેછે.

નદ્યંતરગામિ—સોન (Saone).

૨૨. આર્નો (Arno)............
૨૩. તાઇબર (Tiber) .... } ઇટલિની પશ્ચિમે.

૨૪. પો (Po)—ઇટલિની ઉત્તરે—એડ્રિઍટિક સમુદ્રને મળેછે.

કાળા સમુદ્રને મળતી નદી.

૨૫. ડેન્યુબ (Danube)—જર્મનિ, ઓસ્ત્રિઆ, અને તરકીમાં.
૨૬. નીસ્તર (Dniester).... } રશિઆની નૈરૃત્ય દિશાએ.
૨૭. નીપર (Dnieper) .... }
૨૮. ડોન (Don)--રશિઆની દક્ષિણ—એઝોફના સમુદ્રને મળેછે.

કેસ્પિઅન સમુદ્રને મળતી નદી.

૨૯. યૂરલ (Ural) .... } રશિઆની પૂર્વે
૩૦. વોલ્ગા (Volga) .... }

યૂરોપની મોટી નદી અને તેમની લંબાઇ.

૧. વોલ્ગા....મૈલ	૨૨૨૬.	૪. ડોન....મૈલ	૧૦૫૦
૨. ડેન્યૂબ.... ,,	૧૮૮૨.	૫. દ્વાઇના ,,	૯૨૭
૩. નીપર...... ,,	૧૧૯૬.	૬. ર્‍હાઇન ,,	૭૪૦

મુખ્ય શેહેરો.

૧. ગ્રેટ બ્રિટન અને આયરલન્ડ.

(ઇંગલન્ડ).

૧. લન્દન (London)— ટેમ્સ નદીપર—બ્રિટિશ રાજ્યનું રાજ્ય-ધાનીનું શેહેર અને ઇંગલન્ડનું મુખ્ય બંદર. એ શેહેર દુનિયામાં સર્વથી મોટું, વસ્તીવાળું, અને દોલતમંદછે.

૨. **લિવરપુલ** (Liverpool) ૩. **બ્રિસ્ટલ** (Bristol)........ ૪. **હુલ** (Hull) .... ૫. **ન્યુકેસ્ટલ**(New-castle)	ઈંગલન્ડનાં મુખ્ય બંદરો.
૬. **કેન્ટરબરી** (Canterbury) ૭. **યોર્ક** (York)..................	ઈંગલન્ડના બે વડા ધર્મગુરૂના મથક.
૮. **ઓકસફર્ડ** (Oxford) .... ૯ **કેમ્બ્રિજ** (Cambridge)....	ઈંગલન્ડની પ્રખ્યાત પાઠશાળાના મથક.

૧૦. **મેન્ચેસ્ટર** (Manchester)—સુતર અને કાપડનાં મોટાં કારખાના માટે પ્રખ્યાત છે.

૧૧. **બાર્મિંગહામ** (Birmingham) .... ૧૨. **શેફીલ્ડ** (Sheffield)	છરી, કાંટા વગેરે લોખંડનો બીજો સામાન બનાવવાનાં કારખાના માટે પ્રખ્યાત છે.

૧૩. **લીડસ** (Leeds)—ઉનનાં કાપડના કારખાનાં માટે પ્રખ્યાત છે.

૧૪. **પોર્ટસમથ** (Portsmouth) ૧૫. **પ્લિમથ** (Plymouth)	નોકા સૈન્યનાં મુખ્ય મથક.
૧૬. **સાઉથેમ્પટન** (Southampton) ૧૭. **ડોવર** (Dover)	આગબોટમાંબેસીને દેશાવર આવ જાવ કરવાનાં બંદર.

(સ્કોટલન્ડ).

૧. **એડિનબરો** (Edinburgh)—ફોર્થના અખાતપર—સ્કોટલન્ડનું મુખ્ય શેહેર—પાઠશાળા માટે પ્રખ્યાત છે.

૨. **ગ્લેસગો** (Glasgow)--કલાઈડ નદીપર—સ્કોટલન્ડનું વેપાર

અને કારખાનાંનું મુખ્ય મથક—પાઠશાળા માટે પ્રખ્યાત છે.

૩. **એબરદીન** (Aberdeen)—કારખાના અને પાઠશાળા માટે પ્રખ્યાત છે.

(આયરલન્ડ).

૧. **ડબ્લિન** (Dublin)—લિફી નદીપર—આયરલન્ડનું મુખ્ય શેહેર—પાઠશાળા માટે પ્રખ્યાત છે.

૨. **બેલફાસ્ટ** (Belfast).

૩. **કોર્ક** (Cork.)

૪. **લિમરિક** (Limerick)—શેનન નદીપર.

---

૨. ફ્રાન્સ.

૧. **પેરિસ** (Paris)—સીન નદીપર—ફ્રાન્સની રાજધાની.—એ શેહેર દુનિયામાં સર્વથી સુંદર છે.

૨. **લાયન્સ** (Lyons)— ર્‌હોન અને સોન નદીના સંગમપર—રેશમના મોટાં કારખાનાં માટે પ્રખ્યાત છે.

૩. **મારસેલ્સ** (Marseilles) }
૪. **તુલોન** (Toulon) .... } ફ્રાન્સના મુખ્ય બંદરો.

૫. **બ્રેસ્ટ** (Brest).................. }
૬. **શેરબર્ગ** (Cherbourg).... } નોકા સૈન્યનાં મુખ્ય મથક.

૭. **નેન્ટ્સ** (Nantes)—લુઓર નદીપર.

૮. **બોરડો** (Bordeaux)—ગેરોન નદીપર—દ્રાક્ષનો દારૂ અહીં ઘણો બને છે.

૯. **તુલુસ** (Toulouse)—ગેરોન નદીપર.

૧૦. **રૂઅન** (Rouen)—સીન નદીપર.
૧૧. **કેલે** (Calais)—ઈંગલન્ડની ઘણું નજદીક આવેલું ફ્રાન્સનું બંદર.
૧૨. **એજૅશિયો** (Ajaccio)—કોર્સિકા ટાપુનું મુખ્ય શેહેર.

---

૩. સ્પેન.

૧. **મેદ્રિદ** (Madrid)—મેનઝેનરીસ નદીપર—સ્પેનની રાજધાની.
૨. **બારસીલોના** (Barcelona) } સ્પેનનાં મુખ્ય બંદર.
૩. **કેડિઝ** (Cadiz)................ }
૪. **ગ્રેનેડા** (Granada).
૫. **સેવિલ** (Seville).
૬. **તોલીડો** (Toledo).
૭. **સેરેગોસા** (Saragossa).
૮. **જિબ્રાલ્ટર** (Gibraltar)-અંગ્રેજોનો ઘણો મજબુત કિલ્લોછે.

---

૪. પોર્ટુગલ.

૧. **લિસ્બન**(Lisbon)—ટેગસ નદીપર—પોર્ટુગલની રાજધાની.
૨. **ઓપોર્ટો** (Oporto)—ડૂરો નદીપર—દ્રાક્ષનો દારૂ અહીં ઘણો બનેછે.
૩. **કોઇમ્બ્રા** (Coimbra)—પાઠશાળા માટે પ્રખ્યાતછે.

---

૫. બેલજિઅમ.

૧. **બ્રસલ્સ** (Brussels)—સેન નદીપર-બેલજિઅમની રાજધાની.

૨. વોતરલૂ (Waterloo)— આ ઠેકાણે ૧૮૧૫ માં ડયુક ઓફ વેલિંગટને નેપોલ્યન શેહેનશાહને હરાવ્યો.

૩. એન્ટવર્પ (Antwerp)—શેલ્ટ નદીપર--વેપારનું મુખ્ય મથક.

૪. લીજ (Liege).

૫. મેકલિન (Mechlin).

૬. ઘેન્ટ (Ghent).

૭. ઓસ્ટેન્ડ (Ostend).

---

૬. હોલન્ડ.

૧. એમસ્ટરડમ (Amsterdam)—ઝૂડરઝીપર—હોલન્ડની રાજધાની.

૨. હેગ (The Hague).

૩. રોતરદમ (Rotterdam)—મ્યુસ નદીપર.

૪. લીદન (Leyden).

---

૭. જર્મની.

૧. બર્લિન (Berlin)—સ્પ્રી નદીપર—જર્મનિની રાજધાની, અને પ્રશિઆનું મુખ્ય શેહેર.

૨. ડ્રેસ્દન (Dresden)—એલ્બ નદીપર—સેકસની પ્રાંતનું મુખ્ય શેહેર.

૩. મ્યુનિચ (Munich)—બવેરિઆ પ્રાંતનું મુખ્ય શેહેર.

૪. સ્ટટગાર્ટ (Stuttgart)—વર્તેમબર્ગ પ્રાંતનું મુખ્ય શેહેર.

૫. કારલ્સ્રુ (Carlsruhe)—બેદન પ્રાંતનું મુખ્ય શેહેર.

૬. બ્રેમન (Bremen)— વીસર નદીપર.. ...		સ્વતંત્ર શેહેરો, અને જર્મનિનાં મુખ્ય બંદરો.
૭. હેમ્બર્ગ (Hamburg)—એલ્બ નદીપર.		
૮. લ્યુબેક (Lubeck)—ત્રેવ નદીપર.........		
૯. બ્રેસ્લૉ (Breslau)......................		ઓદર નદીપર.
૧૦. સ્ટેટિન (Stettin)........................		

૧૧. ડેનત્ઝિગ (Dantzig)—વિસ્ટુલા નદીપર.

૧૨. મેગડીબર્ગ (Magdeburg)—એલ્બ નદીપર.

૧૩. ફ્રેંકફર્ટ (Frankfurt)—મેન નદીપર.

૧૪. મેત્ઝ (Metz)—મોસેલ નદીપર.

૧૫. કોલોન (Cologne)	ર્‌હાઇન નદીપર.
૧૬. સ્ત્રેસબર્ગ (Strassburg)	

૮. ડેનમાર્ક.

૧. કોપનહેગન (Copenhagen)—ઝીલન્ડ ટાપુમાં—ડેન્માર્કની રાજધાની.

૨. એલ્સિનોર (Elsinore)—ઝીલન્ડ ટાપુમાં.

૯. સ્વીદન અને નોર્વે.

૧. સ્ટોકહોમ (Stockholm)—મીલર સરોવર પાસે—સ્વીદનની રાજધાની.

૨. ક્રિસ્તીએનિયા (Christiania)—નોર્વેનું મુખ્ય શેહેર.

૩. કારલસ્ક્રોના (Karlscrona)	સ્વીદનમાં.
૪. ગોટેનબર્ગ (Gottenburg)	

૫. બર્ગન (Bergen)—નોર્વેમાં.

૧૦. રશિઆ.

૧. સેન્ટ પીટર્સબર્ગ (St. Petersburg)— નીવા નદીપર— રશિઆની રાજધાની.

૨. મોસ્કો (Moscow)—રશિઆની આગળી રાજધાની.

૩. વોરસો (Warsaw)— વિસ્ટુલા નદીપર—પોલન્ડનું મુખ્ય શેહેર.

૪. આર્ચેનજળ (Archangel)--દ્વાઇના નદીપર...	મુખ્ય બંદરો.
૫. આસ્ત્રાખાન (Astrakhan)—વોલ્ગા નદીપર..	
૬. રાઇગા (Riga)—ડયુના નદીપર	
૭. ઓદેસા (Odessa)—કાળા સમુદ્રના કાંઠાપર	

૮. સોવેસ્તોપોલ (Sevastopol)—ક્રિમીઆમાં.

---

૧૧. ઓસ્ત્રિઆ અને હંગારી.

૧. વીએના (Vienna)--ડેન્યુબ નદીપર-ઓસ્ત્રિઆની રાજધાની.

૨. પેસ્થ (Pesth)—હંગરીનું મુખ્ય શેહેર	ડેન્યુબ નદીપર.
૩. બુડા (Buda)	

૪. પ્રેગ (Prague)—મોલ્ડો નદીપર— બોહીમ્યા પ્રાંતનું મુખ્ય શેહેર.

૫. બ્રુન (Brunn)—મોરેવ્યા પ્રાંતનું મુખ્ય શેહેર.

૬. ઇન્સબ્રક (Innsbruck)-ઇન નદીપર—તિરલનું મુખ્ય શેહેર.

૭. ટ્રિએસ્ટ (Trieste)—એડ્રિએટિક સમુદ્રને કાંઠે મોટું બંદર.

---

૧૨. સ્વિટ્ઝરલન્ડ.

૧. બરન (Bern)—આર નદીપર—સ્વિટ્ઝરલન્ડની રાજધાની.
૨. જીનીવા (Geneva)—ર્‌હોન નદીપર.
૩. બેસલ (Basel)—ર્‌હાઇન નદીપર.
૪. ઝુરિચ (Zurich)—પાઠશાળા માટે પ્રખ્યાતછે.

---

૧૩. ઇટલિ.

૧. રોમ(Rome)— તાઇબર નદીપર— ઇટલિની રાજધાની—પ્રાચીનકાળનાં રોમન રાજ્યનું મુખ્ય શેહેર—રોમન કેથલિક ધર્મના વડા ધર્મગુરૂ (Pope) નું મથક— શોભાયમાન છબી અને બાહાવલાંને માટે પ્રસિદ્ધછે. એ શેહેર ઇ. સ. પૂર્વે ૭૫૩ માં વસ્યું હતું.
૨. નેપલ્સ (Naples)—ઇટલિનું સર્વથી મોટું શેહેર.
૩. ફ્લોરન્સ (Florence)—આર્નો નદીપર.
૪. મિલન (Milan)
૫. ટ્યુરિન (Turin)—પો નદીપર.
૬. જીનોઆ (Genoa)............ } ઇટલિનાં મુખ્ય બંદર.
૭. વેનીસ (Venice) .... } ઇટલિનાં મુખ્ય બંદર.
૮. લેગહોર્ન (Leghorn) .... } ઇટલિનાં મુખ્ય બંદર.
૯. બ્રિન્ડિસિ (Brindisi) .... } ઇટલિનાં મુખ્ય બંદર.
૧૦. પેલર્મો (Palermo)............ } સિસિલિમાં મુખ્ય શેહેર.
૧૧. મેસિના (Messina) .... } સિસિલિમાં મુખ્ય શેહેર.
૧૨. કાગ્લ્યારિ (Cagliari)—સાર્ડિન્યાનું મુખ્ય શેહેર.

૧૪. તરકી-ઇન-યૂરોપ.

૧. કૉનસ્ટૅન્ટિનોપલ (Constantinople)—બૉસ્પરસની સામુદ્રધુનીને કાંઠે—તરકી-ઇન-યૂરોપની રાજધાની—ઈ. સ. ૩૩૦ માં કૉનસ્ટૅન્ટાઈન શેહેનશાહે એ શેહેર વસાવ્યું હતું.

૨. એડ્રિએનોપલ (Adrianople).

૩. બેલગ્રેડ (Belgrade)—ડેન્યુબ અને સેવ નદીના સંગમપર—સરવિઆ પ્રાંતનું મુખ્ય શેહેર.

૪. બુચરેસ્ટ (Bucharest)—રોમાન્યા પ્રાંતનું મુખ્ય શેહેર.

---

૧૫. ગ્રીસ.

૧. એથન્સ (Athens)— ઈજાઈનાના અખાતને કાંઠે— ગ્રીસની રાજધાની.

૨. કોરિન્થ (Cornith).

૩. કોર્ફુ (Corfu)—આયોનિયન ટાપુમાંના એક કોર્ફુ ટાપુમાં.

યૂરોપની નદી અને તેપર આવેલાં શેહેર.

૧. દ્વાઈના—આર્ચેનજળ.

૨. ડ્યુના—રાઇગા.

૩. વિસ્તુલા—વૉરસો, ડેનઝ્રિગ.

૪. ઓદર—બ્રેસ્લો, સ્ટેટિન.

૫. એલ્બ—ડ્રેસ્દન, મેગડીબર્ગ, હેમ્બર્ગ..

મોલ્ડો—પ્રેગ.

સ્પ્રી—બર્લિન.

૬. વીસર—બ્રેમન.
૭. ર્‍હાઇન—બેસલ, સ્ટ્રેસબર્ગ, કોલોન.
મોસેલ—મેત્ઝ.
મેન—ફ્રેંકફર્ટ.
૮. મ્યુસ—લીજ, રોતરદમ.
૯. શેલ્ટ—ઘેન્ટ, એન્ટવર્પ.
૧૦. ટેમ્સ—લન્દન, ઓક્સફર્ડ.
૧૧. કલાઇડ—ગ્લેસ્ગો.
૧૨. મરસી—લિવરપૂલ.
૧૩. શેનન—લિમરિક.
૧૪. સીન—પેરિસ, રૂઅન.
૧૫. લુઓર—નેન્ત્સ.
૧૬. ગેરોન—તુલુસ, બોરડો.
૧૭. ડૂરો—ઓપોર્ટો.
૧૮. ટેગસ—તોલિડો, લિસ્બન.
મેનઝેનરીસ—મેડ્રિદ.
૧૯. ગોડલકિવર—સેવિલ.
૨૦. ઇબ્રો—સેરેગોસા.
૨૧. ર્‍હોન—જીનીવા.
ર્‍હોન અને સોનના સંગમપર—લાયન્સ.
૨૨. આર્નો—ફ્લોરન્સ.
૨૩. તાઇબર—રોમ.
૨૪. પો—ટ્યુરિન.

૨૫. ડેન્યુબ—વીએના, પ્રેસ્બર્ગ, બુડા, પેસ્થ.
ડેન્યુબ અને સેવ નદીના સંગમપર—બેલગ્રેડ.
ઇન—ઇન્સબ્રુક.

૨૬. વોલ્ગા—આસ્ત્રાખાન.

પ્રકરણ ૨ જું—આફ્રિકા.

આફ્રિકા ખંડ યૂરોપ કરતાં લગભગ ત્રણ ઘણો મોટો છે, પણ વિદ્યા હુનર, વેપાર, અને રાજદ્વારી બળમાં બધા ખંડથી ઉતરતો છે. એ ખંડનો મોટો ભાગ ઉષ્ણકટીબંધમાં આવેલો છે, તેથી એના કેટલાક ભાગોમાં તાપ ઘણોજ પડે છે. એના ઉત્તર અને દક્ષિણ ભાગો સમશીતોષ્ણ કટીબંધમાં આવેલા છે, તેથી ત્યાં કોઈ કોઈ વખતે સખત ઠંડી પડે છે. આફ્રિકાના ઉત્તર ભાગ સિવાય બાકીના બધા ભાગોમાં વરસાદ કેટલાક મહિના સુધી ઘણો પડેછે.

સીમા (Boundaries)—આફ્રિકા ખંડની ઉત્તરે **ભૂમધ્ય સમુદ્ર** (Mediterranean Sea) છે; પશ્ચિમે **એટલાન્ટિક મહાસાગર** (Atlantic Ocean) છે; દક્ષિણે **દક્ષિણ મહાસાગર** (Southern Ocean) છે; અને પૂર્વે **હિંદી મહાસાગર** (Indian Ocean), **રાતો સમુદ્ર** (Red Sea), અને **સ્વેઝની સંયોગીભૂમી** (Isthmus of Suez) છે.

આફ્રિકા ખંડ પૂર્વે સ્વેઝની સંયોગીભૂમિથી એશિઆ સાથે જોડાયલો છે. ભૂમધ્ય સમુદ્ર એને યૂરોપથી છુટો પાડે છે; અને એટલાન્ટિક મહાસાગર એને અમેરિકાથી છૂટો પાડે છે. આફ્રિકા ખંડની વચ્ચતામાં

વધતી લંબાઈ ૫૦૦૦ મેલ છે, અને પોહોળાઈ ૪૬૦૦ મેલ છે. એનું ક્ષેત્રફલ આસરે ૧,૧૦,૦૦,૦૦૦ ચોરસ મેલ છે.

દેશો.—(Countries).

(અ) ઉત્તર આફ્રિકા (Northern Africa).

૧. ઇજિપ્ત અથવા મિસર (Egypt)—એમાં ઇજિપ્ત, ન્યુબિઆ (Nubia) અને કોર્ડોફેન (Kordofan) પ્રાંતો સમાયલા છે.

૨. એબિસિનિઆ (Abyssinia).

૩. બાર્બરિ સંસ્થાન (Barbary States).

(૧) ત્રિપોલિ (Tripoli)-એમાં બાર્કા (Barca) અને ફેઝન (Fezzan) પ્રાંતો પણ સમાયલા છે.

(૨) ટ્યુનિસ (Tunis).

(૩) એલજીરિઆ (Algeria).

(૪) મોરોક્કો (Morocco).

૪. સહારા અથવા મોટું રણ (Sahara or the Great Desert).

(આ) પશ્ચિમ આફ્રિકા (Western Africa).

૫. સેનીગેમ્બિઆ (Senegambia).

૬. અપર ગીની (Upper Guinea).

(૧) સીએરા લીઓન (Sierra Leone)-બ્રિટિશ સંસ્થાન.

(૨) લાઇબીરિઆ (Liberia)
(૩) આશાન્તી (Ashantee) } દેશી રાજ્યો.
(૪) ડેહોમી (Dahomey)
(૫) ગોલ્ડ કોસ્ટ (Gold Coast) } એ કોસ્તાઓ ઉપર
(૬) સ્લેવ કોસ્ટ (Slave Coast) } બ્રિટિશ સંસ્થાનોછે.

૭. લોઅર ગીની (Lower Guinea).

(૧) કોંગો (Congo).
(૨) એંગોલા (Angola).
(૩) બેંગ્વેલા (Benguela).

(ઇ) મધ્ય આફ્રિકા (Central Africa).

૮. સૂદાન અથવા નિગ્રિશિઆ (Soudan or Nigritia).
૯. મોટા સરોવરોનો પ્રદેશ (Equatorial Regions or Regions of the Great Lakes).
૧૦. દક્ષિણ-મધ્ય આફ્રિકા (South Central Africa).

(ઉ) દક્ષિણ આફ્રિકા (Southern Africa).

૧૧. કેપ સંસ્થાન (Cape Colony).
૧૨. કાફ્રિરિઆ (Kaffraria).
૧૩. નેતલ (Natal).
૧૪. ઝૂલુ લેન્ડ (Zulu Land).
૧૫. ઓરેન્જ રિવર ફ્રી સ્ટેટ (Orange River Free State).
૧૬. ટ્રેન્સવાલ રીપબ્લિક (Transvaal Republic).

(એ) **પૂર્વ આફ્રિકા** (Eastern Africa).

૧૭. સોફાલા (Sofala).

૧૮. મોઝામ્બિક (Mozambique).

૧૯. ઝાન્ઝિબાર (Zanzibar).

૨૦. ગેલા દેશ (Gallas Country).

૨૧. સોમાલી દેશ (Somauli Country).

ઇજિપ્ત અને બાર્બરિ સંસ્થાનના લોકો ઘણાખરા આરબ જાતના છે, અને મુસલમાની ધર્મ પાળેછે. એબિસિનિઆના લોકો અશુદ્ધ રૂપમાં ખ્રિસ્તી ધર્મ પાળેછે. પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં હબસીઓની જુદી જુદી જાતો વસેછે, જેમાંની થોડીજ મુસલમાની ધર્મ પાળેછે; બાકી-ની સઘળી જાતના લોકો મૂર્ત્તિપૂજક છે. દક્ષિણ આફ્રિકામાં વલંદા અને કાફ્રર જાતના લોકો વસે છે. પૂર્વ આફ્રિકામાં આરબ અને કાફ્રર જાતના લોકો વસેછે.

ઇજિપ્તમાં એક મુસલમાન રાજા રાજ ચલાવેછે, જેને **ખીડીવ** (Khedive) કેહેછે, અને જે તરકીના સુલતાનનો માત્ર નામનો તાબેદાર છે. એબિસિનિઆના જુદા જુદા ભાગોમાં જુદા જુદા દેશી રાજા રાજ કરે છે. ત્રિપોલિ અને ટ્યુનિસમાં તરકીના સુલતાન તરફથી હાકેમો અમલ ચલાવેછે, જેઓને **બે** (Bey) કેહે છે. એલજીરિઆ ફ્રાન્સને તાબે છે; મોરોક્કોમાં એક મુસલમાન બાદશાહ રાજ કરેછે, જેને **સુલતાન** કેહેછે. સેનીગેમ્બિઆ, અપર ગીની, અને લોઅર ગીનીના જુદા જુદા ભાગોમાં હબસી રાજા રાજ ચલાવેછે. સેનીગેમ્બિઆમાં ફ્રેન્ચ, અંગ્રેજ અને ફીરંગી લોકોનાં સંસ્થાનો છે; અપર ગીનીમાં બ્રિટિશ સંસ્થાનોછે, અને લોઅર ગીનીમાં પોર્ટુગીસ સંસ્થાનો છે. સુદાનમાં મુસલમાન અને

હબસી રાજાઓ રાજ કરેછે. દક્ષિણ આફ્રિકામાં કેપ સંસ્થાન અને નેતલ ગ્રેટ બ્રિટનને તાબે છે; કાફ્રેરિઆ અને ઝુલુ લેન્ડમાં કાફર રાજાઓ રાજ ચલાવેછે; અને ઓરેન્જ રિવર ફ્રી સ્ટેટ અને ટ્રેન્સવાલ રીપબ્લિક વલંદા લોકનાં પ્રજાસત્તાક રાજ્ય છે. પૂર્વ આફ્રિકામાં સોફાલા અને મોઝમ્બિક પોર્ટુગલને તાબે છે. ઝાન્ઝીબારમાં એક આરબ રાજા રાજ કરેછે, જેને **સુલતાન** કહેછે. ગેલા અને સોમાલી લોકના દેશોમાં તેમજ મોટા સરોવરના પ્રદેશમાં અને દક્ષિણ મધ્ય આફ્રિકામાં જંગલી જાતો વસેછે.

દ્વીપ અથવા બેટ. (Islands).

એટલાન્ટિક મહાસાગર માહેલા બેટ.

૧. એઝોર્સ ટાપુ (Azores).
૨. મદીરા ટાપુ (Madeira Islands).
૩. કેનેરી ટાપુ (Canary Islands).
૪. કેપવર્ડ ટાપુ (Cape Verd Islands).
૫. ફર્નેન્ડોપો (Fernando Po).
૬. સેન્ટ તોમસ (St. Thomas).
૭. પ્રિન્સીસ ટાપુ (Princes Island).
૮. એનોબોન (Annobon)
૯. એસેનશન (Ascension).
૧૦. સેન્ટ હેલીના (St. Helena).

હિંદી મહાસાગર માહેલા બેટ.

૧. મેદેગેસ્કર (Madagascar).

૨ મોરિશિઅસ (Mauritius).

૩. બૂર્બોન (Bourbon).

૪. કોમોરો ટાપુ (Comoro Isles).

૫. સેશેલ ટાપુ (Seychelles).

૬. ઝાન્ઝિબાર (Zanzibar).

૭. સોકોત્રા (Socotra).

એઝોર્સ, મદીરા, કેપવર્ડ, સેન્ટ તામસ અને પ્રિન્સીસ ટાપુઓ પોર્તુગલને તાબેછે.

કેનેરી, ફર્નેન્ડો પો, અને એનોબોન ટાપુઓ સ્પેનને તાબે છે.

એસેનશન, સેન્ટ હેલીના, મોરિશિઅસ, અને સેશેલ ટાપુઓ ગ્રેટ બ્રિટનને તાબે છે.

મેડેગેસ્કર, કોમોરો, ઝાન્ઝિબાર, અને સોકોત્રા ટાપુઓ ત્યાના દેશી રાજાને તાબેછે.

સંયોગી ભૂમિ. (Isthmuses).

૧. સ્વેઝ (Suez)—આફ્રિકાને એશિઆ સાથે જોડેછે, અને ભૂમધ્ય અને રાતા સમુદ્રને છૂટા પાડેછે.

ભૂશિર. (Capes).

૧. બોન (Boñ)—ટ્યુનિસની ઉત્તરે.

૨. સ્પાર્તેલ (Spartel)—મોરોક્કોની ઉત્તરે.

૩. બ્લેન્કો (Blanco)—સહારાની પશ્ચિમે.
૪. વર્ડ (Verd)—સેનીગેમ્બિઆની પશ્ચિમે.
૫. લોપેઝ (Lopez)—લોઅર ગીનીનાં વાયવ્ય ખૂણામાં.
૬. નીગ્રો (Negro)—લોઅર ગીનીના નૈરૃત્ય ખૂણામાં.
૭. ગૂડહોપ (Cape of Good Hope)……. } કેપ કોલોનીનાં
૮. એગુલ્હાસ (Agulhas). …. …………… } નૈરૃત્ય ખુણામાં.
૯. ગ્વાર્ડાફુઈ (Guardafui)—સોમાલી દેશનાં ઈશાન ખૂણામાં.

પર્વત. (Mountains).

૧. એટલાસ (Atlas)—એલજીરિઆ અને મોરોક્કોમાં
૨. કોંગ પર્વત (Kong Mountains)— સૂદાન અને અપર ગીનીની વચ્ચે.
૩. માઉન્ટ એટલાન્ટિકા (Mount Atlantika)— સૂદાનમાં.
૪. કેમરૂન પર્વત (Camaroon Mountains)—અપર ગીનીના અગ્નિ ખૂણામાં.
૫. ન્યુવેલ્ડ પર્વત (Nieuveld Mountains) } કેપ કોલોનીમાં.
૬. તેબલ પર્વત (Table Mountains)…. } કેપ કોલોનીમાં.
૭. ડ્રેકનબર્ગ પર્વત (Drakenburg Mountains)-કેપ કોલોની, ઓરેન્જ રિવર ફ્રી સ્ટેટ અને ટ્રેન્સવાલ રીપબ્લિકની પૂર્વે.
૮. લ્યુપાતા પર્વત (Lupata Mountains)— સોફાલા અને મોઝામ્બિકની પશ્ચિમે.
૯. માઉન્ટ કીનિઆ (Mount Kenia)…. } મોટા સરોવરોના પ્રદેશમાં વિષુવવૃત્તની દક્ષિણે.
૧૦. માઉન્ટ કિલિમનજરો (Mount Kili-mandjaro)………………………… } મોટા સરોવરોના પ્રદેશમાં વિષુવવૃત્તની દક્ષિણે.

સમુદ્ર તથા અખાત.

(Seas, Gulfs & Bays).

૧. ભૂમધ્ય સમુદ્ર (Mediterranean Sea)-આફ્રિકાની ઉત્તરે.
૨. સિદ્રાનો અખાત (Gulf of Sidra)—ત્રિપોલિની ઉત્તરે.
૩. કેબીસનો અખાત (Gulf of Cabes)—ટ્યુનિસનાં અગ્નિખૂણામાં.

૪. ગીનીનો અખાત (Gulf of Guinea)........ } અપર ગીની-
૫. બેનિનનો ઉપસાગર (Bight of Benin)..... } ની દક્ષિણે.
૬. બિએફ્રાનો ઉપસાગર (Bight of Biafra) }
૭. તેબલ અખાત (Table Bay)....} કેપ કૉલોનીનાં નૈરૂત્ય
૮. ફૉલ્સ અખાત (False Bay)....} ખૂણામાં.
૯. એલગોઆ અખાત (Algoa Bay)—કેપ કૉલોનીની દક્ષિણે.
૧૦. દીલેગોઆ અખાત (Delagoa Bay)—ઝૂલુ લેન્ડનાં ઈશાન ખૂણામાં.

૧૧. મોઝામ્બિકની ખાડી (Mozambique Channel)—મેડેગેસ્કર અને મોઝામ્બિકની વચ્ચે.

૧૨. એદનનો અખાત (Gulf of Aden)} આફ્રિકા અને અરે-
૧૩. રાતો સમુદ્ર (Red Sea)................} બિઆની વચ્ચે.
૧૪. સ્વેઝનો અખાત (Gulf of Suez)—ઇજિપ્તનાં ઇશાન ખૂણામાં.

સામુદ્રધુની. (Straits).

૧. જિબ્રોલ્ટર (Gibraltar)—ભૂમધ્ય સમુદ્રને એટલાન્ટિક મહાસાગર સાથે જોડેછે, અને સ્પેન અને મોરોક્કોને છૂટા પાડે છે.

૨. બેબલમેન્ડેબ (Babelmandeb)—લાલ સમુદ્ર અને એદનના અખાતને જોડે છે, અને અરેબિઆ અને આફ્રિકાને છૂટા પાડેછે.

સરોવર. (Lakes).

૧. ચેદ (Tchad)—સૂદાનમાં.
૨. ડેમ્બીઆ (Dembea)—એબિસિનિઆમાં.
૩. વિક્ટોરિઆ નિએન્ઝા (Victoria Nyanza).. } મધ્ય આફ્રિકામાં.
૪. એલ્બર્ટ નિએન્ઝા (Albert Nyanza)........ }
૫. તેંગેનિકા (Tanganyka)........................... }
૬. બેંગ્વીઓલો (Bangweolo)....................... }
૭. લિન્કન (Lincoln) .... }
૮. નિએસા (Nyassa)........ } મોઝામ્બિકના પશ્ચિમે.
૯. શર્વા (Shirwa)............ }

નદી. (Rivers).

૧. નાઈલ (Nile)—વિક્ટોરિયા નિએન્ઝા સરોવરમાંથી નિકળીને મોટા સરોવરોનો પ્રદેશ, ન્યુબિઆ, એબિસિનિઆ, અને ઇજિપ્તમાં વેહેછે, અને ભૂમધ્ય સમુદ્રને મળે છે.

નદ્યંતરગામિ—૧. બ્લુ નાઇલ (Blue Nile)....................
૨. અત્બારા (Atbara)....

એબિસિનિઆના પર્વત-માંથી નિકળે છે.

નાઇલ નદી પૃથ્વીની સર્વથી લાંબી નદી ગણાય છે. એ નદીમાં દર વર્ષે એપ્રિલ મહિનામાં ઘણું કરીને એકજ દિવસે પાણી ચઢવા માડે છે, અને અકટોબર માસમાં પાણી ઓસરી જાય છે. પાણી દર વર્ષે એક સરખી ઉંચાઇએ ચઢે છે; અને એબિસિનિઆના ઉંચ્ચસમભૂ દેશ-માંથી માટી અને ઝાડપાલો રેલમાં ઘસડાઇ આવવાથી મિસર દેશને આઇતું ખાતર મળે છે, અને એ દેશ ઘણો ફળવંત બનેછે. મિસર દેશમાં વરસાદ મુદલ પડતો નથી; તેથી નાઇલ નદીની વાર્ષિક રેલ ખેતી-વાડીને સારૂં ઘણીજ ઉપયોગની થઇ પડે છે.

૨. સેનીગાલ (Senegal).........
૩. ગેમ્બિઆ (Gambia)......
૪. રીયોગ્રેન્ડ (Rio Grande)...

સેનીગેમ્બિઆમાં વેહેછે, અને એટલાન્ટિક મહાસાગરને મળે છે.

૫. નાઇજર, કવોરા, અથવા જોલિબા (Niger, Quorra, or Joliba)—કોંગ પર્વતમાંથી નિકળીને સૂદાન અને અપર ગીનીમાં વેહેછે, અને બેનિનના ઉપસાગરને મળેછે.

૬. કોંગો અથવા ઝેર (Congo or Zaire)....................
૭. કોએન્ઝા (Coanza)............

મધ્ય આફ્રિકા અને લોઅર ગીનીમાં વેહેછે, અને એટ-લાન્ટિક મહાસાગરને મળેછે.

૮. ઓરેન્જ અથવા ગેરીપ (Orange or Gariep)--કેપ કોલો-નિની ઉત્તરે વેહેછે, અને એટલાન્ટિક મહાસાગરને મળેછે.

નદ્યંતરગામિ—વાલ (Vaal).

૯. લિમ્પોપો (Limpopo)—ટ્રેન્સવાલ રીપબ્લિક અને સોફાલામાં વેહેછે, અને હિંદી મહાસાગરને મળેછે.

૧૦. ઝેમ્બેઝિ (Zambezi)—મધ્ય આફ્રિકા અને મોઝામ્બિકમાં વેહેછે, અને હિંદી મહાસાગરને મળેછે.

નદ્યંતરગામિ—૧. શિરે (Shire). ૨ ચોબ (Chobe).

૧૧. શેરિ (Shari)—સૂદાનમાં વેહેછે અને ચેદ સરોવરને મળેછે.

આફ્રિકાની મોટી નદી અને તેમની લંબાઈ.

૧. નાઈલ—૪૧૦૦ મૈલ.
૨. નાઈજર—૨૯૯૦ મૈલ.
૩. ઝેમ્બેઝિ—૧૩૯૪ મૈલ.
૪. સેનીગોલ—૧૩૯૪ મૈલ.

મુખ્ય શેહેરો—(Principal Towns).

(અ) ઉત્તર આફ્રિકા.

૧. ઇજિપ્ત અથવા મિસર.

૧. કેરો (Cairo)—નાઇલ નદીપર—ઇજિપ્તની રાજધાની. એ શેહેરની દક્ષિણે ઘિઝે નામના શેહેર આગળ **પિરેમિડ** (Pyramids) નામના અસલના વખતના મોટા મિનારા છે.

૨. **એલેકસાન્દ્રિઆ** (Alexandria)— ભૂમધ્ય સમુદ્રને કાંઠે મિસરનું મોટું બંદર.

૩. **રોસેતા (Rosetta)**............... ⎫ નાઇલ નદીનાં બે મુખ આ-
૪. **દેમિએતા (Damietta)** .... ⎭ ગળ આવેલાં છે.

૫. પોર્ત સઇદ (Port Said).... } સ્વેઝની નેહેરના બે છેડાપર
૬. સ્વેઝ (Suez) .... } આવેલાં છે.

(ન્યુબિઆ).

૭. ખરતુમ (Khartoum)—નાઇલ અને બ્લૂ નાઇલના સંગમ-પર—ન્યુબિઆનું મુખ્ય શેહેર.

૮. બર્બર (Berber)—નાઇલ અને અતબારાના સંગમપર.

૯. સેનર (Sennar)—બ્લૂ નાઇલપર.

૧૦. સ્વાકિમ (Suakim)—રાતા સમુદ્રને કાંઠે.

(કોર્ડોફન)

૧૧. એલ ઓબીદ (El Obeid)—કોર્ડોફનનું મુખ્ય શેહેર.

---

૨. એબિસિનિઆ.

૧. ગોન્દર (Gondar)—દેમ્બિઆ સરોવર પાસે—એબિસિનિઆનું મુખ્ય શેહેર.

૨. મસાવા (Mossawah)—રાતા સમુદ્રને કાંઠે બંદર.

૩. મગદલા (Magdala)—એક મજબુત ગઢ છે, જે ૧૮૬૮ માં અંગ્રેજોએ જીત્યો હતો.

---

૩. બાર્બરી સંસ્થાન.

૧. ત્રિપોલિ (Tripoli)—ભૂમધ્ય સમુદ્રને કાંઠે— ત્રિપોલિની રાજધાની.

૨. મૂરઝૂક (Mourzouk)—ફેઝન-પ્રાંતનું મુખ્ય શેહેર.

૩. **ટ્યુનિસ** (Tunis)--ભૂમધ્ય સમુદ્રને કાંઠે—ટ્યુનિસની રાજધાની—એ શેહેરની પાસે પ્રાચીનકાળનું પ્રખ્યાત **કાર્થેજ** (Carthage) શેહેર હતું.

૪. **એલજિઅર્સ** (Algiers)-ભૂમધ્ય સમુદ્રને કાંઠે-એલજીરિઆની રાજધાની.

૫. **કોનસ્ટેન્ટાઈન** (Constantine)—એલજીરિઆમાં.

૬. **મોરોક્કો** (Morocco)—મોરોક્કોની રાજધાની.

૭. **ફેઝ** (Fez) ....
૮. **સ્યુટા** (Ceuta) ....
૯. **તેન્જીર** (Tangier)
૧૦. **ટેટુઅન** (Tetuan)
} મોરોક્કોનાં મુખ્ય શેહેરો.

(આ) **પશ્ચિમ અફ્રિકા.**

૧. સેનિગેમ્બિઅા.

૧ **સેન્ટ લૂઈ** (St. Louis)—સેનીગોલ નદીનાં મુખ આગળ--સેનીગેમ્બિઆ માહેલાં ફ્રેન્ચ સંસ્થાનની રાજધાની.

૨. **બેથર્સ્ટ** (Bathurst)—ગેમ્બિઆ નદીનાં મુખ આગળ—સેનીગેમ્બિઆ માહેલાં બ્રિટિશ સંસ્થાનની રાજધાની.

---

૨. અપર ગીની.

